# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAAC Re-Accreditation CGPA 2.83 Grade - 'B'**

**Website : www.spuvvn.edu** **Fax: (02692) 230309, 226804**

**ACADEMIC SECTION**


નં. ડી/ઈ/૧૧/ તારીખઃ

પ્રતિઃ
વડાશ્રી,
અનુસ્નાતક વિભાગો,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

શ્રીમાન,

શૈક્ષણિક વર્ષઃ- ૨૦૧૬-૨૦૧૭ માં પીએચ. ડી. (પ્રથમ સત્ર) અભ્યાસક્રમ માટે પ્રવેશપરીક્ષા અંગેની કાર્યવાહી હાથ ધરવાની હોવાથી આ સાથે સામેલ પરિશિષ્ટ - ૧ (Annexure-I) તથા પરિશિષ્ટ ૨(Annexure-II) મુજબ માહિતી **તારીખઃ ૨૫/૧૧/૨૦૧૬** સુધીમાં એકેડેમિક વિભાગને મોકલી આપવા વિનંતી છે. અને આ બાબત અંગેની જાણ આપની સંસ્થાના માન્ય માર્ગદર્શકોને અચૂક કરવા જણાવવામાં આવે છે, જેથી સમયસર તેઓની પરિશિષ્ટ - ૧ અને ૨ મુજબની માહિતી અત્રે પ્રાપ્ત થઈ શકે. ઉપરોક્ત તારીખ સુધીમાં આપની સંસ્થાના માર્ગદર્શકો તરફથી કોઈ પ્રકારની માહિતી મોકલી આપવામાં નહિ આવે તો માન્ય માર્ગદર્શકની પીએચ. ડી. માં કોઈ પણ જગ્યા ખાલી નથી તેમ જાણીને એકેડેમિક વિભાગ દ્વારા આગળની ઘટતી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવા વિનંતી.

આપના વિભાગ/કોલેજ/ઈન્સ્ટીટ્યૂટના માન્ય તમામ માર્ગદર્શકો (પીએચ. ડી. પ્રવેશ માટે બેઠકો ખાલી હોય કે ન હોય) નીચે અન્ય યુનિવર્સિટી (સરદાર પટેલ યુનિવર્સિટી સિવાયની)માં પીએચ. ડી. માટે રજીસ્ટર થયેલ વિદ્યાર્થીઓની માહિતી સહિતનું બાહેધરી પત્રક (પરિશિષ્ટ - ૨)અચૂક ભરાવીને મોકલવાનું રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

**નોંધઃ-**

**૧) રિસર્ચ સેન્ટરોમાં પીએચ. ડી.નાં માન્ય માર્ગદર્શકોની પરિશિષ્ટ - ૧ અને ૨ મુજબની માહિતી યુનિવર્સિટીના સંબંધકર્તા અનુસ્નાતક વિભાગમાં મોકલી આપવી અને તેની એક નકલ એકેડેમિક વિભાગને મોકલી આપવી.**

**૨) અગાઉ તારીખ : ૧૮/૦૬/૨૦૧૬ પત્ર નં. ડી/ઈ/૧૧/૧૬૩૨થી મંગાવેલ માહિતી ધ્યાનમાં લેવામાં આવશે નહિ તેનું ધ્યાન રાખી નવી માહિતી મોકલાવવા વિનંતી.**

આપનો વિશ્વાસુ,

બિડાણઃ- પરિશિષ્ટ - ૧ અને ૨ મદદનીશ કુલસચિવ

નકલ રવાના : આચાર્યશ્રીઓ-સંલગ્ન કોલેજો તથા ડાયરેકટરશ્રી-પીએચ.ડી. ચલાવતી સંસ્થાઓ તરફ જરૂરી કાર્યવાહી તથા જાણ સારૂ..